# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-03-2026          Day: Monday       Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ચુંટણીપંચે 5 રાજ્યોમાં વિધાનસભા ચુંટણીની જાહેરાત કરી:

**કેન્દ્રીય ચૂંટણી પંચે ગઈકાલે જાહેરાત કરી કે આસામ, કેરળ, પુડુચેરી અને તમિળનાડુમાં એક અને પશ્ચિમ બંગાળમાં બે તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાશે. ચાર રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશ માટે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે ગઈકાલે દિલ્હીમાં જણાવ્યું હતું કે આસામ, કેરળ અને પુડુચેરીમાં 9 એપ્રિલે અને તમિલનાડુમાં 23 એપ્રિલે મતદાન થશે. જયારે પશ્ચિમ બંગાળમાં 23 અને 29 એપ્રિલે મતદાન થશે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત સાથે, આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં આદર્શ આચારસંહિતા તાત્કાલિક અમલમાં આવી ગઈ છે.**

**---------------------------------------------------------------------------------------**

## ઉમરેઠ-પેટા ચુંટણી જાહેર :

**આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠક માટે આગામી 23 ઍપ્રિલે ગુરુવારે પેટા-ચૂંટણી યોજાશે. નવી દિલ્હીમાં કેન્દ્રીય ચૂંટણી પંચે આ અંગેની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, આગામી 30 માર્ચે પેટા-ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ કરાશે. જ્યારે છ ઍપ્રિલ સુધી ઉમેદવારી નોંધાવી શકાશે અને સાત ઍપ્રિલે ઉમેદવારીપત્રની ચકાસણી થશે. જ્યારે આગામી ચાર મે-ના રોજ મતગણતરી હાથ ધરાશે.**

**ઉલ્લેખનીય છે કે, ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદ પરમારનું તાજેતરમાં અવસાન થતાં આ બેઠક ખાલી પડી છે.**

**---------------------------------------------------------------------------------------**

## પેટ્રોલિયમ મંત્રાલય-LPG પુરવઠાની અછત નહિ હોવાનું જણાવ્યું.:

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું છે કે દેશભરમાં LPG વિતરકો પાસે ગેસ પુરવઠાની કોઈ અછત નથી. એક નિવેદનમાં, મંત્રાલયે નોંધ્યું છે કે LPG બુકિંગમાં ઘટાડો થયો છે. ગઈકાલે આશરે 77 લાખ બુકિંગ નોંધાયા હતા,

મંત્રાલયે એમ પણ જણાવ્યું હતું કે વાણિજ્યિક LPG સિલિન્ડર રાજ્ય સરકારોને પ્રાથમિકતા વિતરણ માટે સોંપવામાં આવ્યા છે અને હવે તે ગ્રાહકો માટે ઉપલબ્ધ છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે પાઇપ્ડ નેચરલ ગેસ (PNG) અને લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (LPG) બંને કનેક્શન ધરાવતા ઘરોને તાત્કાલિક અસરથી તેમના LPG કનેક્શન પરત કરવાનો નિર્દેશ આપ્યો છે.

-----------------------------------------------------------------------------------------------

## લોક અદાલત- રાજ્ય:

રાજ્યભરમાં આ વર્ષની પહેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં સમાધાન માટે મૂકાયેલા છ લાખ 67 હજાર જેટલા કેસ પૈકી પાંચ લાખ 77 હજાર જેટલા કેસનો નિવેડો આવ્યો. તેમજ અંદાજે ત્રણ હજાર 63 કોરડ રૂપિયાના એવોર્ડ દોરવામાં આવ્યા. લોક અદાલતમાં 13 લાખ 98 હજાર પૂર્વ અને પૉસ્ટ-લિટિગેશન કેસનો પણ નિકાલ કરાયો અને ત્રણ હજાર 209 કરોડ રૂપિયાના એવૉર્ડ પસાર કરાયા.

-----------------------------------------------------------------------------------------------

## જિલ્લામાં  જળચર પક્ષીઓની ગણતરી:

વેટલેન્ડ ઇન્ટર્નેશનલ, સ્વિત્ઝર્લેન્ડ તરફથી દર વર્ષે સમગ્ર એશિયામાં ડિસેમ્બરથી ફેબ્રુઆરી દરમ્યાન જળચર પક્ષીની ગણતરી હાથ ધરાય છે. જે અંતર્ગત  ફેબ્રુઆરી માસમાં ભુજ, માંડવી તથા અંજાર તાલુકામાં 15 જળપ્લાવિત સ્થળોએ ગણતરી કરાઈ, જેમાં અંદાજિત 8000 પક્ષીઓની ગણતરી કરાઇ હતી. ગણતરી દરમ્યાન 80 જાતના પક્ષીઓ નોંધાયેલ,

જેમાંથી અડધો અડધ યાયાવર હતા.વિશિષ્ટ પક્ષીઓમાં દરિયાઇ અબલખ, ઊલટી ચાંચ તુતવારી વિ.નો સમાવેશ થાય છે. ગણતરી દરમ્યાન મોટો હંજ એકની સંખ્યામાં બે જગ્યાએ જોવા મળ્યા , મોટા રણમાં સુરખાબનગરમાં પ્રજનનની પ્રવૃત્તિ ચાલુ જોવા મળી હતી. માંડવી ખાતે ધોમડાની સંખ્યા **3000** જેવી હતી, જ્યારે કરકરા પક્ષીઓ **2000** જેવાં હતાં.

---

## નગાવલાડીયા-મહિલા સ્વરોજગાર મેળો યોજાયો:

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ અને મહિલા અને બાળઅધિકારીની કચેરી, ભુજના સંયુક્ત ઉપક્રમે નગાવલાડિયા ખાતે `મહિલા સ્વરોજગાર મેળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળાનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ મહિલાઓને ઘરઆંગણે રોજગારી અને આર્થિક સહાય પૂરી પાડી આત્મનિર્ભર બનાવવાનો રહ્યો હતો. નગાવલાડિયા ગામનાં સરપંચ દેવઈબેન કાનગડે સરકારના વિવિધ વિભાગો અને ખાનગી સંસ્થાઓ જ્યારે ગામડાંના ઉંબરે આવીને તકો આપે છે, ત્યારે બહેનોએ તેનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત બેન્કોના પ્રતિનિધિઓએ આ એકમો દ્વારા મહિલાઓને વ્યાવસાય શરૂ કરવા માટેની સરકારી લોન યોજનાઓ, સબસિડી, કૌશલ્યવર્ધન તાલીમ અને બેંકિંગ સહાય અંગે માહિતી આપી હતી. તો ખાનગી ક્ષેત્રની નામાંકિત કંપનીઓ દ્વારા રોજગારલક્ષી માર્ગદર્શન આપી મહિલાઓની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી.

---

## હવામાન:

રાજ્યમાં અનેક જિલ્લામાં મહત્તમ તાપમાન **40**થી **42** ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે. તેવામાં હવામાન ખાતાએ આગામી **18**થી **20** તારીખ સુધી કમોસમી વરસાદની આગાહી કરી છે. આ સાથે જ આગામી પાંચ દિવસમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાઈ શકે છે, તેમ હવામાન ખાતાના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું.

પશ્ચિમિ વિક્ષોભની અસરથી કચ્છમાં આગામી **19** મી અને **20**મી સુધી ગાજવીજ સાથે કમોસમી વરસાદના વર્તારાએ ખેડુતોમાં ઉચાટ સર્જ્યો છે. દરમ્યાન ગઈકાલે અંજાર,ગાંધીધામ

**38.7 ડિગ્રીએ રાજ્યનું બીજા નંબરનું ગરમ મથક બન્યુ, ભુજમાં 38,નલિયામાં 36.4, કંડલા બંદરમાં 34.8 ડિગ્રી મહત્તમ ઉષ્ણતામાન નોંધાયુ.**

**----------------------------------------------------------------------------------------------------**